# ગુજરાત જાહેર સેવા આયોગ

## સેક્ટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

**આર-૬ શાખા**

જાહેરાત ક્રમાંક ૦૬/૨૦૨૫-૨૬ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની **નગર નિયોજક, વર્ગ-૧** ની જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે Online (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ **તારીખ- ૨૫/૦૬/૨૦૨૫, ૧૩:૦૦ કલાક થી તારીખ-૦૯/૦૭/૨૦૨૫, ૨૩:૫૯ કલાક** સુધી મંગાવવામાં આવે છે. આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યાર બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**૧) પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ, રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસની વિગતો તથા કક્ષાવાર જગ્યાઓ નીચે મુજબ છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ. | | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|
| | | | ભાગ-૧ (સામાન્ય અભ્યાસ) | ભાગ-૨ (સંબંધિત વિષય) | | |
| ૧ | ૦૬/૨૦૨૫-૨૬ | નગર નિયોજક, વર્ગ-૧ | ૦૫/૧૦/૨૦૨૫ | ૦૫/૧૦/૨૦૨૫ | - | - |

**૨)**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ (૨ જગ્યાઓ દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતીની) | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત | આ. ન. વર્ગ | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિનઅનામત | આ. ન. વર્ગ | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | |
| ૦૬/૨૦૨૫-૨૬ | નગર નિયોજક, વર્ગ-૧ | ૧૪ | ૫ | ૧ | ૩ | ૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |

**નોંધ** :

(૧) જાહેરાત ક્રમાંક: ૦૬/૨૦૨૫-૨૬ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની નગર નિયોજક, વર્ગ-૧ માં નીચે કોષ્ટકમાં દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતા પ્રકાર | અનામત જગ્યા | દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી પ્રસંગ |
|---|---|---|---|---|
| B | બધિર અને ઓછું સાંભળનાર | D(DEAF) AND HARD OF HEARING | ૦૧ | પ્રથમ |

| | | | | |
|---|---|---|---|---|
| C | મગજના લકવા સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલને નબળા સ્નાયુઓવાળા | *BA **Or** *BL, OA, DW, AAV, SD, SI, | ૦૦ | - |
| D & E | સ્વલીનતા (austism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી | SLD, MD | ૦૧ | પ્રથમ |

- ➢ આ જાહેરાત માટે કુલ:૦૨ જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખેલ છે. આમ, દિવ્યાંગજનો માટેની કુલ ૦૨ અનામત જગ્યા સા.વ.વિના તા.૨૦/૧૧/૨૪ના ઠરાવ મુજબ ખાસ ભરતી ઝુંબેશ (Special Recruitment Drive) હેઠળ ભરવાની થાય છે. દિવ્યાંગજનો માટેની ખાસ ભરતી ઝુંબેશ હેઠળ ભરવાની થતી કુલ ૦૨ જગ્યા પ્રથમ ભરતી પ્રસંગ મુજબની દિવ્યાંગજનો માટે અનામત રાખેલ છે.

(૨) માજી સૈનિક ઉમેદવારો માટે ઉક્ત જગ્યાઓ પૈકી ૦૦ જગ્યા અનામત છે. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત થનાર હોય તેવા માજી સૈનિક પ્રસ્તુત જાહેરાતમાં ઉમેદવારી કરી શકશે.
(જાહેરાતની અગત્યની સૂચનાઓના મુદ્દા નં:૦૮ (માજી સૈનિક)માં દર્શાવેલ વિગતો ધ્યાને લેવી.)

## ૩) ભરતી નિયમો અનુસાર શૈક્ષણિક લાયકાત, અનુભવ અને પગાર ધોરણની વિગતો

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ :- નગર નિયોજક, વર્ગ-૧ | |
|---|---|---|
| ૦૬/૨૦૨૫-૨૬ | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | (B) possess -<br>(1) a Bachelor's degree of Architecture or Civil Engineering/Technology or Planning conferred by any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or any other equivalent qualification recognised as such under the provisions of the Architects Act, 1972;<br>**and**<br>(ii) a post-graduate degree or post-graduate diploma in City Planning or Town Planning or Regional Planning or Traffic and Transportation Planning or Urban Design or Urban Planning or Infrastructure Planning or Industrial Planning or Environmental Planning obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or Institution approved by All India Council For Technical Education;<br>**and**<br>(C) have about five years' separate or combined experience after obtaining the requisite educational qualification specified in clause (b) in the field of City Planning or Town Planning or Regional Planning or Traffic and Transportation Planning or Urban Design or Urban Planning or Infrastructure Planning or Industrial Planning or Environmental Planning in Government / Local Bodies / Government Undertaking Board / Corporation / Limited Company established under the Companies Act, 2013; |
| | | (D) Possesses the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 |
| | | (E) Possesses adequate knowledge of Gujarati or Hindi or Both |
| | પગાર ધોરણ | Rs. 67,700/- Rs. 2,08,700/- (Pay Matrix Level-11) |

**૪) વયમર્યાદા :–** ૪૨ વર્ષથી વધુ નહીં.

(૧) ઉંમર તથા અનુભવ મૂળ જાહેરાતની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જે અનામત કેટેગરીની જાહેરાતમાં જગ્યા શૂન્ય દર્શાવેલ હોય તો તે અનામત કેટેગરીના ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ માટે બિનઅનામતવર્ગના ધારાધોરણ લાગુ પડશે.

(૩) નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) તથા અનુસુચિત જાતિ વર્ગના મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

**૫) નોંધ :**

(૧) આ જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા ભરતી નિયમો, આયોગના કચેરી હુકમ અને સરકારની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નક્કી કરાશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો અને સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો એમ કુલ ૩૦૦ ગુણના ૩૦૦ પ્રશ્નો રહેશે. **પ્રાથમિક કસોટીના સામાન્ય અભ્યાસ ( ભાગ-૧) ના પ્રશ્નપત્ર માટે ૬૦ મિનિટ અને સંબંધિત વિષય ( ભાગ-૨) ના પ્રશ્નપત્ર માટે ૧૨૦ મિનિટનો સમય રહેશે.**

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૩) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના ૩૦૦ ગુણમાથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

(૪) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in, https://gpsc-ojas.gujarat.gov.in, પર જોવા વિનંતી છે.

(૫) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/ આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૬) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૭) આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૮) **અરજી ફી :–** બિનઅનામત વર્ગના ઉમેદવારોએ રૂ. 100/-+ લાગુ પોસ્ટલ શુલ્ક પોસ્ટ ઓફીસમાં ચલણથી અથવા રૂ. 100/- + લાગુ સેવા શુલ્ક સાથે એપ્લિકેશન ફી તરીકે ઓનલાઇન મોડ દ્વારા ભરવાની રહેશે. જ્યારે અનામત કેટેગરીના ઉમેદવારો એટલે કે મૂળ ગુજરાત રાજ્યના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ,આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો, માજી સૈનિકો અને દિવ્યાંગ ઉમેદવારોએ અરજી ફી ભરવાની નથી. જ્યારે અન્ય રાજ્યોના અનામત વર્ગના ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની રહેશે.

(૯) આયોગ દ્વારા જરુર જણાય તો નીચે મુજબની ફી સંમતિપત્ર માટેની ડિપોઝિટ તરીકે ઉમેદવારોએ ભરવાની રહેશે.

| ક્રમ | વર્ગ | ડિપોઝિટ ફી. |
|---|---|---|
| ૦૧ | બિન અનામત વર્ગ | રૂ. ૫૦૦/- |
| ૦૨ | અનામત વર્ગ એટલે કે તમામ કેટેગરીની મહિલા ઉમેદવાર, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, આર્થિક રીતે નબળા વર્ગ, દિવ્યાંગ ઉમેદવાર અને માજી સૈનિક. | રૂ.૪૦૦/- |

જે ઉમેદવારો સંમતિપત્ર સાથે નિયત ફી ભર્યા બાદ પરીક્ષામાં હાજર રહેશે તેઓને આ ફી રીફંડ કરવામાં આવશે. આ ફી માત્ર ડિપોઝિટ તરીકે જ લેવામાં આવશે.

(ગૌરવ પંડ્યા)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

R-6 Branch

**Advt. No.:06/2025-26** Online applications are invited for the post of **TOWN PLANNER, CLASS -I** under Urban development And Urban Housing Department, between date:25/06/2025 13:00 to date: 09/07/2025 23:59 Candidates are instructed to visit Notice Board or the Website of the Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

**1) Tentative date/month of Preliminary Test, Result of Preliminary Test, Interview and Category wise vacancies are shown below:**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative Date of Primary test | | Tentative month of Primary test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|---|
| | | | Part-I (General Studies) | Part-II (Relative Subject) | | |
| 1 | 06/2025-26 | TOWN PLANNER,CLASS -I | 05/10/2025 | 05/10/2025 | - | - |

**2)**

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Physically Disabled | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 06/2025-26 | TOWN PLANNER, CLASS -I | 14 | 05 | 01 | 03 | 00 | 03 | 01 | 00 | 00 | 00 | 00 | 02 | 00 |

**3) Note: -**

(1) Advertisement No:06/2025-26 TOWN PLANNER, CLASS - I, Only Candidates with Disability mentioned in the table below is eligible to apply. Candidates with Disabilities other than those mentioned in the table shall not be eligible to apply.

| Sr. No. | Disabilty | Type of Disability | No. of Post Reserved |
|---|---|---|---|
| B | Deaf, Hard of Hearing | D(DEAF) AND HARD OF HEARING | 01 |
| C | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | *BA **Or** *BL, OA, DW, AAV, SD, SI, | 00 |

| D & E | Autism,Intellectual Disability,Specific Subject learning Disabilities and mental illness | SLD, MD | 01 |
|---|---|---|---|

- Out of the total 14 posts 02 posts are reserved for Physically Disabled candidates for this advertisement. These 02 reserved posts to be filled under the Special Recruitment Drive as per the GAD resolution dated 20/11/2024. All 02 posts reserved for Physically Disabled candidates will be considered as part of the <u>first recruitment drive</u>.

(2) No post is reserved for Ex-Servicemen Candidate. Persons who are retiring as Ex- Servicemen within one year from the last date of online application can apply in the said advertisement. (Note: Consider the details mentioned in Patagraph No 08 (Ex-Servicemen) of important Notices of this Advertisement.)

(3) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(4) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(5) The online application is "Editable" till the last date & time of advertisement. Hence the candidates are requested to submit only one application for each advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the"Edit" option and update the details till the last date & time of Application. Do not make a new application.

(6) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(7) <u>In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission.</u>

(8) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(9) <u>After publishing the list of ineligible candidates, the applications/documents of any candidate will not be accepted by the commission.</u>

(10) Candidates are requested not to send physical copy of the application to the Commission as of now. Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website https://gpsc-iass.gujarat.gov.in/ within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/ Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

## 4) Educational Qualification, Experience and Pay Scale Details as per recruitment rules

| Advt. No. | Name of Post :- TOWN PLANNER, CLASS -I | |
|---|---|---|
| 06/2025-26 | Educational Qualification & Experience | (B) possess -<br>(1) a Bachelor's degree of Architecture or Civil Engineering/Technology or Planning conferred by any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or any other equivalent qualification recognised as such under the provisions of the Architects Act, 1972;<br>**and**<br>(ii) a post-graduate degree or post-graduate diploma in City Planning or Town Planning or Regional Planning or Traffic and Transportation Planning or Urban |

| | | |
|---|---|---|
| | | Design or Urban Planning or Infrastructure Planning or Industrial Planning or Environmental Planning obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or Institution approved by All India Council For Technical Education;<br>**and**<br>(C) have about five years' separate or combined experience after obtaining the requisite educational qualification specified in clause (b) in the field of City Planning or Town Planning or Regional Planning or Traffic and Transportation Planning or Urban Design or Urban Planning or Infrastructure Planning or Industrial Planning or Environmental Planning in Government / Local Bodies / Government Undertaking Board / Corporation / Limited Company established under the Companies Act, 2013; |
| | | (D) Possesses the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 |
| | | (E) Possesses adequate knowledge of Gujarati or Hindi or Both |
| | Pay Scale | Rs. 67,700/- Rs. 2,08,700/- (Pay Matrix Level-11) |

**5) Age :** Not more than 42 years.

(1) Age and Experience will be calculated as on the last date of online application.

(2) If the reserved category vacancy is zero mentioned in the advertisement, the Unreserved (General) age relaxation criteria will apply to that reserved category candidates.

(3) Upper Age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | Women Candidates belonging to Unreserved(General) & S.C category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Candidate belonging EWS, S.E.B.C.,S.T. category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate belonging EWS, S.E.B.C., S.T. category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman)<br>(Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | Length of Military Service plus three years |
| 5 | Physically Disabled | 10 Years (Maximum Up to 45 Years) |
| 6 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 and amendment from time to time, A candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**(6) Note:**

(1) Exam Pattern: Candidates will be selected for appointment to these posts by conducting a Preliminary test and interview. Candidates will be declared eligible for the interview after scrutinizing the required applications as per the Preliminary test marks. If the candidate gets less than 15% marks in the Preliminary test, he/she will not be considered eligible for interview. The medium of this test will be decided by the Commission. The Preliminary test will usually be held at Gandhinagar/ Ahmedabad and candidates will have to be present at their own expense. The Preliminary test will consist of 100 questions of 100 marks of General Studies and 200 questions of 200 marks of the Respective Subject.Total 300 questions of 300 marks. Time Duration of Preliminary test for General Studies (Part-1) and Respective Subject (part-2) will be 60 minutes and 120 minutes respectively.

(2) As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

(3) The Weighted Marks of Preliminary Test & Interview are calculated as follows: - [Marks obtained in P.T. X 50/300 = Weighted Marks of Preliminary Test] + [Marks obtained in Interview X 50/100 = Weighted Marks of Interview] = Total Weighted Marks.

(4) The syllabus of a Preliminary Test for various posts are available on the Commission's website http://gpsc.gujarat.gov.in

(5) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(6) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(7) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

(8) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- +applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees. While Candidates belonging to reserved categories and Economically Weaker Section of Unreserved category of Gujarat State, Ex-Servicemen and physically disabled candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

(9) Candidates have to pay the following fees as deposit for consent form as may be required by the Commission.

| Sr No | Category | Deposite Fee |
|---|---|---|
| 01 | Unreserved(General) category | 500/- Rs. |
| 02 | Reserved category means women candidates of all categories, socially and educationally backward classes, scheduled castes, scheduled Tribes, economically weaker sections, Physically disabled candidates and ex-servicemen. | 400/- Rs. |

Candidates who appear in the examination after paying the prescribed fee along with the consent form will be refunded this fee. This fee will be charged as a deposit only.

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online and fees payment.

(Gaurav Pandya)
Joint Secretary
Gujarat Public Service Commission

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

### ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર
પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રમાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૧) (અ) "અનુભવ વગરની સ્પર્ધાત્મક / સીધી ભરતીની એવી જાહેરાતો કે જેના ભરતી નિયમો / પરીક્ષા નિયમોમાં લઘુત્તમ ઉંમર વિશે કોઈ ઉલ્લેખ ન હોય તેવી જાહેરાતોમાં ઉમેદવારે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે લઘુત્તમ ઉંમર ૨૦ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ".

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) " જેના ભરતી નિયમોમા તેની શૈક્ષણિક લાયકાતની પાત્રતા તારીખ અંગે કોઈ ઉલ્લેખ ન હોય તેવી માત્ર અનુભવ વગરની સીધી ભરતી માટે ભરતી નિયમોમાં માંગેલ શૈક્ષણિક લાયકાત પ્રાથમિક પરીક્ષા બાદ પ્રથમ અરજી ચકાસણી યાદી બહાર પડે તે તારીખે સંબંધિત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ."

(૧) (ક) " અનુભવ વાળી સીધી ભરતીની તથા સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે જે ભરતી નિયમોમા/ પરીક્ષા નિયમોમા અન્યથા કોઈ ઉલ્લેખ ન હોય તો ઉમેદવાર સંબંધિત શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ."

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ **(ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.**

(૬) અરજી ચકાસણી સમયે સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના ઉમેદવારોએ ફરજિયાતપણે આયોગ દ્વારા તા.૨૪.૦૫.૨૦૨૩ અગત્યની જાહેરાતમાં સામેલ નમૂના (https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf) મુજબનું અનુભવ અપલોડ કરવાનું રહેશે.

"અનુભવ જરૂરી હોય તેવી આયોગની તમામ જાહેરાતોની પ્રાથમિક કસોટી બાદ અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ખાનગી ક્ષેત્ર(સરકાર તથા બોર્ડ, નિગમ, કોર્પોરેશન સિવાયની સંસ્થાઓ કે જ્યાં સા.વ.વિ. દ્વારા નિયત થયેલ અનુભવનું પ્રમાણપત્ર લાગુ પડતુ નથી)નો અનુભવ ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની જોગવાઈઓ મુજબ અનુભવના નિયત પ્રમાણપત્ર સાથે લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો સાથે ભરતી નિયમો મુજબ માંગેલ અનુભવના પ્રમાણપત્રની ખરાઇ માટે અનુભવના સમયગાળા દરમિયાનનું Salary Accountનું Bank Statement અને ફોર્મ-૧૬ (ભાગ-A અને B) અથવા Income Tax Return (ITR) આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

જો ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થયેલ ન હોવાના કારણે જો આવા ઉમેદવારો ફોર્મ-૧૬ (ભાગ-A અને B) અથવા Income Tax Return(ITR) રજૂ ન કરી શકે તો તેવા કિસ્સામાં ચાલુ નાણાકીય વર્ષ માટે ઉમેદવારના Salary Account ના Bank Statement ની વિગતોને આધારે અનુભવના પ્રમાણપત્રની ખરાઈ કરવાની રહેશે."

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :–

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાની રહેશે.

**અગત્યની નોંધ:**

**(૧) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન–ક્રીમીલેયર પ્રમાણપત્ર(NCLC)/ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ના પ્રમાણપત્રો પ્રાથમિક કસોટી બાદ "અરજી ચકાસણી માટે પાત્ર ઉમેદવારોની પ્રથમ યાદી" પ્રસિધ્ધ થાય ત્યારે આ પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમા ઈશ્યુ કરાયેલ હોવા જોઈશે તથા માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે."**

**(૨) સ્પર્ધાત્મક ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન–ક્રીમીલેયર પ્રમાણપત્ર(NCLC)/ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ના પ્રમાણપત્રો મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ પ્રમાણપત્રો માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે અરજીપત્રક ભર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે."**

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજી પત્રક તથા પ્રમાણપત્રો

અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.

(૬) (ક) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ સંદર્ભે ગુજરાત સરકારના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં. આ નિયત નમૂનાનું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.

(૮)સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વર્ગનુ પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે.

(૧૦) જો કોઈ અનામત વર્ગના ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહી હોય તો તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇપણ પ્રકારની છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિનઅનામત કક્ષાના મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે તે ઉમેદવારને બિનઅનામત વર્ગનો ગણવામાં આવશે. પરંતુ કોઇ પણ ઉમેદવાર જો બિનઅનામત વર્ગમા અરજી કરશે તો ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે તેઓની કેટેગરી બદલી આપવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૧૧) જો કોઈ અનામત કેટેગરીના ઉમેદવાર નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇ પણ છૂટછાટ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાની મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે ઉમેદવારને બિન અનામત ગણવામાં આવશે. પરંતુ કોઇપણ ઉમેદવાર જો બિન અનામત તરીકે અરજી કરશે તો તેની કેટેગરી અરજી ચકાસણી તબક્કે બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

## ૮ માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩)વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉક્ત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન:લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે “વિધવા” ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે “વિધવા”બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને “વિધવા મહિલા ઉમેદવાર” તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ ( Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જ્ગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(અ) **સીધી પસંદગીથી ભરતી**

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઈલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ દિવ્યાંગતા પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જ્ગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોક્ત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારન/કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

*************************************

GPSC

## **ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-**

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **જાહેરાત ક્રમાંક : ૦૬/૨૦૨૫-૨૬ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની નગર નિયોજક, વર્ગ-૧**ની જગ્યા પર **(તારીખ: ૨૫/૦૬/૨૦૨૫, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૦૯/૦૭/૨૦૨૫, ૨૩:૫૯ કલાક કલાક)** સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર કિલક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં કિલક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર કિલક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર કિલક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર કિલક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર કિલક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર કિલક કરીને ઓનલાઇન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર કિલક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )

Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (★) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - ★ વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે

"Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોંધ:-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

*****************************************

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તારીખ: ૧૦/૦૭/૨૦૨૫** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

*************************************